# સાંદીપનિ - વાલ્મીકી - વેદવ્યાસ - અત્રિ - વશિષ્ટ - વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા

## પ્રથમ પરીક્ષા - ૨૦૨૩

તારીખ : ૦૭-૧૦-૨૦૨૩ | કુલ ગુણ: ૫૦
વાર : શનિવાર | ધોરણ : ૧૧ વિષય : નામાના મૂળતત્ત્વો Acco47 | સમય : ૨ કલાક

સૂચના : (1) બધા જ વિભાગ તથા પ્રશ્નો ફરજિયાત છે. (2) જમણી બાજુના આંકડા પ્રશ્નોના કુલ ગુણ દર્શાવે છે.
(3) પ્રશ્નપત્ર ધ્યાનથી વાંચી નિયત સમયમાં પૂર્ણ કરો. (4) પ્રશ્નપત્રમાં ક્યાંય પણ જવાબ કે નિશાની કરવી નહીં.

### વિભાગ - A

★ **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 6

(1) દેવાદાર-લેણદારનો સંબંધ કયો વ્યવહાર દર્શાવે છે ?
(A) ₹ 8,000 નો માલ ખરીદ્યો (B) ₹ 8,000 નો માલ 'બ' પાસેથી ખરીદ્યો
(C) ₹ 8,000 નો માલ ચેકથી ખરીદ્યો (D) ₹ 8,000 નો માલ આગથી બળી ગયો.

(2) જે તે રાજય / કેન્દ્રશાસિત પ્રદેશની બહાર કરવામાં આવેલ પૂર્તિના વ્યવહાર માટે કયો કર લાગુ પડે છે ?
(A) CGST (B) IGST (C) SGST (D) UTGST

(3) માલની ઉધાર ખરીદી થાય ત્યારે
(A) મિલકત વધે - દેવું વધે (B) મિલકત ઘટે - દેવું ઘટે
(C) મિલકત વધે - દેવું ઘટે (D) મિલકત ઘટે - દેવું વધે

(4) બે ખાનાવાળો રોકડમેળ કેટલી પદ્ધતિએ તૈયાર કરવામાં આવે છે ?
(A) 2 (B) 3 (C) 4 (D) 5

(5) નીચેનામાંથી કોનો પેટાનોંધમાં સમાવેશ થતો નથી ?
(A) વેચાણનોંધ (B) પેટા રોકડમેળ (C) ખાતાવહી (D) ઉધારનોંધ

(6) કોને ચોપડાઓનો રાજા ગણવામાં આવે છે ?
(A) આમનોંધના ચોપડાને (B) ખાસ આમનોંધના ચોપડાને
(C) ખાતાવહીના ચોપડાને (D) વ્યવહારોની નોંધના ચોપડાને

### વિભાગ - B

★ **નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 6

(7) દ્વિનોંધી નામા (હિસાબી) પદ્ધતિ એટલે શું ?
(8) વસ્તુઓ અને સેવાઓ કરના અમલનું વર્ષ જણાવો.
(9) વટાવના પ્રકાર જણાવો.
(10) પેટાનોંધોના કેટલા અને કયા પ્રકાર છે ?
(11) રોકડમેળનો અર્થ સમજાવો.
(12) ખાસ આમનોંધ એટલે શું ?

### વિભાગ - C

★ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકના 3 ગુણ)** 12

(13) નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો.
1. ધંધાકીય વ્યવહાર 2. જવાબદારી 3. મહેસુલી આવકો

(14) નીચેનાં ખાતાંઓના પ્રકાર (વર્ગીકરણ) જણાવો.
1. ધર્માદા ખાતું 2. કોપી રાઈટ ખાતું 3. દેવાદાર ખાતું
4. ગુજરાત કોલેજ ખાતું 5. યંત્ર ખાતું 6. આપેલ કમિશન ખાતું

(15) નીચેના વ્યવહારોની આમનોંધ લખીને તે વ્યવહારોની હિસાબી સમીકરણ પર અસરો સમજાવો.
1. રૂ. 50,000 રોકડ લાવી ધંધો શરૂ કર્યો.
2. રૂ. 5,000 નું ફર્નિચર ખરીદ્યું
3. રૂ. 10,000 નો માલ 'ક' પાસે ખરીદ્યો.

(16) નીચેના વ્યવહારોની વિરાટના ચોપડે ખાસ આમનોંધ લખો.
1. શર્માને ચુકવેલ રૂ. 800 વર્મા ખાતે ઉધાર કરેલ છે
2. રૂ.7,000 ની પડતર કિંમતનો માલ આપી રૂ.8,000 નું ફર્નિચર ખરીદ્યું
3. રૂ. 3,500 જે નરેશ પાસે લેણા હતા તે વસૂલ થઈ શકે તેમ નથી

અથવા

(16) ખાસ આમનોંધમાં નોંધાતા વ્યવહારોનું વર્ગીકરણ સમજાવો.



Master Classes Chirag Prajapati 9824... 9446
Scanner

## વિભાગ - D

★ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકના 4 ગુણ)** 8

(17) નીચે આપેલા વ્યવહારો પરથી રાજેશભાઈની આમનોંધ તૈયાર કરી ખતવણી કરો.

એપ્રિલ 2023 1 રૂ. 3,00,000 રોકડ તથા રૂ. 50,000 નું ફર્નિચર ધંધામાં લાગ્યા.

" - 5 ફોરમ પાસેથી રૂ. 90,000 નો માલ રોકડેથી ખરીદ્યો.

(18) શ્રી વિજયના ચોપડેથી તા. 31-3-2023 ના રોજની બાકીઓ પરથી કાચું સરવૈયું તૈયાર કરો.

| ખાતાનું નામ | રકમ (રૂ.) | ખાતાનું નામ | રકમ (રૂ.) |
|---|---|---|---|
| મૂડી ખાતું | 50,000 | મજૂરી | 9,000 |
| પગાર ખાતું | 10,000 | ખરીદી | 70,000 |
| ગ્રાહકો | 20,000 | યંત્ર | 21,000 |
| વેપારીઓ | 10,000 | વેચાણ | 60,000 |
| પ્રોવિડન્ડ ફંડ | 20,000 | વેચાણ પરત | 8,500 |
| મળેલ કમિશન | 6,000 | ખરીદ પરત | 6,500 |
| દેવીહુંડી | 7,500 | શરૂઆતનો સ્ટોક | 30,000 |
| લેણીહુંડી | 11,500 | બેન્ક ઓવરડ્રાફટ | 20,000 |

## વિભાગ - E

★ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકના 6 ગુણ)** 18

(19) નીચેના વ્યવહારો પરથી દિપાલીના ચોપડે આમનોંધ લખો.

2023 માર્ચ - 1 રૂ. 80,000 રોકડા, રૂ. 50,000 ના લેણા, રૂ. 10,000 ના દેવા અને રૂ. 15,000 નો માલ સ્ટોક લાવી વેપાર શરૂ કર્યો.

" - 5 રૂ. 40,000 ની જિજ્ઞા પાસેથી 10% વ્યાજે લોન લીધી

" - 8 ગુજરાત સમાચારનું જાહેરાતનું બિલ રૂ. 3,000 ચુકવ્યું

" - 12 મહેશ ટ્રેડર્સમાંથી રૂ. 20,000 નો માલ 10% વેપારી વટાવે ખરીદ્યો, લારીભાડાના રૂ. 100 રોકડા ચુકવ્યા.

" - 15 ઘરભાડું રૂ 7000 રોકડેથી તેમજ જીંદગીના વીમાનું પ્રિમિયમ રૂ. 2500 ચેકથી ચુકવ્યું

" - 20 વેચાણ કિંમત પર 20% નફો મળે તે રીતે રૂ. 5000 ની મુળકિંમતનો માલ રોકડેથી વેચ્યો.

(20) નીચેના વ્યવહારો પર રાજેશ ટ્રેડીંગ કંપની કે જે અનાજમ (ઘઉં, ચોખા, બાજરી) ના વેપારી છે તેમના ચોપડે ખાનાવાળી ખરીદનોંધ, વેચાણનોંધ તૈયાર કરો.

2022 ડિસેમ્બર -1 અમિત ટ્રેડર્સ પાસેથી 1000 કિગ્રા ઘઉં રૂ. 20 દર કિગ્રા ના ભાવે, 400 કિગ્રા ચોખા રૂ 40 દર કિગ્રાના ભાવે અને 500 કિગ્રા બાજરી રૂ 15 ના ભાવે 10% વેપારી વટાવે ખરીદ્યા

" - 3 વિપુલ ટ્રેડર્સ પાસેથી 500 કિગ્રા ઘઉં રૂ. 25 ના કિગ્રા ભાવે અને 300 કિગ્રા બાજરી રૂ 12 ના કિગ્રાદીઠ ભાવે 1 માસની શાખ પર ખરીદ્યા

" - 8 ખુશી ટ્રેડર્સને 700 કિગ્રા ઘઉં રૂ 30 ના કિગ્રાદીઠ ભાવે અને 200 કિગ્રા ચોખા રૂ 50 ના કિગ્રાદીઠ ભાવે વેચ્યા.

" - 10 પ્રાર્થના ટ્રેડર્સને 250 કિગ્રા ચોખા, કિગ્રાદીઠ રૂ 60 ના ભાવે અને 500 કિગ્રા બાજરી કિગ્રાદીઠ રૂ 18 ના ભાવે વેચ્યો. તેઓએ અડધા નાણા તરત ચુકવી આપ્યા.

" - 15 અર્ચના ટ્રેડિંગ કંપનીએ 800 કિગ્રા ઘઉં રૂ 30 કિગ્રાદીઠના ભાવે અને 400 કિગ્રા ચોખા રૂ 70 કિગ્રાદીઠના ભાવે મોકલવાનો ઓર્ડર આપ્યુ.

(21) નીચેના વ્યવહારો પરથી શ્રી જેઠાલાલનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો.

2023 જુલાઈ - 1 શરૂઆતની રોકડ સિલક રૂ. 20,000, બેન્ક ઓવર ડ્રાફ્ટ રૂ. 2,000

" - 8 રૂ. 5,000 બેન્કમાં ભર્યા

" - 10 રૂ. 700 સ્ટેશનરીના રોકડા, રૂ. 500 પગારના ચેકથી ચુકવ્યા

" - 13 પોપટલાલને રૂ 3050 ના હિસાબ પેટે રૂ 3000 રોકડ ચુકવી હિસાબ ચુકતે કર્યો.

" - 15 બબીતાને રૂ 10,000 નો માલ 10% રોકડ વટાવે વેચ્યો. 50% રકમનો ચેક મળ્યો જે બેન્કમાં ભર્યો અને બાકીની રકમ રોકડ મળી

" - 20 ચંપકલાલે 5050 ના હિસાબ પેટે રૂ 2500 રોકડા અને રૂ. 2500 નો ચેક આપ્યો જે બેન્કમાં ભરાવી દીધો.

●●●●●

Master classes Chirag Prajapati 9824140446

Scanned with ACE Scanner